**<u>પરચુરણ ફોજદારી અરજી નં.૪૪/૨૬</u>**

**આંક–૧ નીચે હુકમ**

૧. આ કામે અરજદાર કેનેરા બેન્કે આ કામનાં સામાવાળા તરીકે નં.૧ વિશ્વાસ કોટેક્ષ, નં.૨ થી ૪ તરીકે તેનાં ભાગીદારોને જોડેલ છે અને આં ક – ૧ માં માગ્યા મુજબની દાદ દર્શાવેલ છે.

૨. આ કામે અરજદાર બેન્કે સામાવાળા નં.૧ પેઢીનાં ભાગીદાર તરીકે નં.૧ દોસ્તમહંમદ ગફારભાઈ પાંચા, નં.૨ શ્રીમતી સોફીયા તે દોસ્તમહંમદ પાંચાનાં પત્ની, નં.૩ અયુબભાઈ ફારૂકભાઈ હીંગોરા, નં.૪ ઈમ્તીયાઝ મહંમદહનીફ થારાણીને સામાવાળા નં.૧ નાં ભાગીદાર તરીકે દર્શાવાવામાં આવેલ છે અને આ ડીડ તા.૦૨/૦૪/૨૦૨૪ નાં રોજ અમલમાં આવેલ હોય, તેમ જણાય છે. જે માર્ક – ૪/૧ થી રજુ છે.

૩. અરજદાર બેન્ક તરફે ૩/૨ સેન્કશન મેમોરેન્ડમ રજુ કરવામાં આવેલ છે. આ મેમોરેન્ડમ તા.૨૮/૧૧/૨૦૨૩ નાં રોજ કરવામાં આવ્યુ હોય, તેમ જણાય છે. આ મેમોરેન્ડમ તળે સામાવાળા નં.૧ વતી પેઢીનાં ભાગીદાર દોસ્તમહંમદ ગફારભાઈ પાંચાનાઓએ ભાગીદાર તરીકે પણ સહી કરેલ છે. તેમજ ભાગીદાર ઈમ્તિયાઝ મહંમદ થારાણીનાઓએ પણ આ મેમોરેન્ડમ તળે સહી કરેલ છે.તે પ્રમાણે અયુબ ફારૂકભાઈ હીંગોરાનાઓએ પણ આ પેઢીનાં ભાગીદાર તરીકે સહી કરેલ છે. આ મેમોરેન્ડમ કેનેરા બેન્ક એટલે કે અરજદાર તરફથી જયારે તૈયાર કરવામાં આવે ત્યારે પેઢીનો શું આધાર લેવામાં આવેલ હતો તેવો આધાર અદાલત સમક્ષ રજુ કરવામાં આવેલ નથી. માર્ક–૪/૧ થી રજુ કરવામાં આવેલ આધાર તા.૦૨/૦૪/૨૦૨૪ નાં રોજનો અમલમાં આવેલ હોય, તેમ જણાય છે. એટલે કે, અદાલતની સમજણ મુજબ આ દસ્તાવેજ અગાઉ પણ કોઈ દસ્તાવેજ પેઢીને લગત અરજદાર બેન્ક પાસે હોવો જોઈએ કે જે મુજબ બેન્કે સામાવાળા નં.૧ વતી જે લોન મંજુર કરવામાં આવેલ હતી, તેમાં ઉપર જણાવ્યા મુજબનાં ભાગીદારો નં.૧ વતી પેઢીનાં ભાગીદાર દોસ્તમહંમદ ગફારભાઈ પાંચા, નં.૨ ઈમ્તિયાઝ મહંમદ થારાણી, નં.૩ અયુબ ફારૂકભાઈ હીંગોરાનાંઓએ સહી કરેલ છે.

૪. અરજદાર બેન્કે માર્ક – ૩/૨ થી ભાગીદારી પેઢીનો કરાર – નવા દાખલ થતા તથા રીટાયર્ડ થતા ભાગીદારો બાબતે તા.૩૦/૧૧ /૨૦૨૪ નાં રોજ બનાવવામાં આવેલ હતુ. આ દસ્તાવેજ વંચાણે લેતા તેમાં નં.૧ તરીકે દોસ્તમહંમદ ગફારમહંમદ પાંચા નં.૨ તરીકે શ્રીમતી સોફીયા દોસ્તમહંમદ પાંચા ( રીટાયર્ડ ) નં.૩

તરીકે કળસરીયા જીગ્નેશ નાનાભાઈ ( નવા દાખલ થનાર ) તથા નં.૪ તરીકે કળસરીયા ભાર્ગવ મનસુખભાઈ ( નવા દાખલ થનાર ) તરીકે દર્શાવેલ છે. પેઢીને લગત માર્ક માર્ક – ૪/૧ થી રજુ થયેલ અને માર્ક – ૩/૨ થી રજુ થયેલ દસ્તાવેજ સિવાય અન્ય કોઈ આધાર પેઢીનાં ભાગીદારોને લગત રજુ કરવામાં આવેલ નથી.

૫. માર્ક – ૩/૨ થી રજુ થયેલ દસ્તાવેજ વંચાણે લેતા પેઢીનાં ભાગીદાર શ્રીમતી સોફીયા દોસ્તમહંમદ પાંચા કે જેઓ તેવા દસ્તાવેજથી રીટાયર્ડ થયા હતા અને તે જ દસ્તાવેજથી નવા બે ભાગીદાર કળસરીયા જીગ્નેશભાઈ નાનાભાઈ અને કળસરીયા ભાર્ગવ મનસુખભાઈ દાખલ થયેલ છે. જયારે માર્ક – ૪/૧ થી રજુ કરવામાં આવેલ દસ્તાવેજ જોતા તેમાં પેઢીનાં ભાગીદાર તરીકે અયુબ ફારૂકભાઈ હીંગોરા નં.૪ તરીકે ઈમ્તીયાઝ મહંમદહનીફ થારાણી હતા. તેવા બન્ને ભાગીદાર સામાવાળા નં.૧ પેઢીમાંથી કયારે રીટાયર્ડ થયા તે બાબતેનો કોઈપણ આધાર અરજી સાથે રજુ કરવામાં આવેલ નથી. જે બાબતે અદાલતને સંતોષ ન થતા વિ. વ. શ્રી દેસાઈને આ બાબતે પૂછવામાં આવેલ હતુ અને તેઓએ પણ જણાવેલ કે, અદાલત સમક્ષ રજુ કરવામાં આવેલ દસ્તાવેજ સિવાય અન્ય કોઈ દસ્તાવેજ તેઓ પાસે નથી. જેથી પેઢીમાંથી રીટાયર્ડ થતા ભાગીદાર અયુબ ફારૂકભાઈ હીંગોરા તથા ઈમ્તીયાઝ મહંમદહનીફ થારાણીનાઓની પેઢીમાં પેઢીની મિલકતને લગત શું વ્યવસ્થા કરવામાં આવેલ હતી. તે હકીકત જાણી શકાયેલ નથી, પરંતુ માર્ક – ૩/૨ થી રજુ થયેલ દસ્તાવેજ મુજબ અયુબ ફારૂકભાઈ હીંગોરા તથા ઈમ્તીયાઝ મહંમદહનીફ થારાણી ત્યારે રીટાયર્ડ થયેલ હતા, તેવી હકીકત ખુલવા પામતી નથી. અદાલત અરજદાર પક્ષે અપેક્ષા રાખે છે કે, તેમની દાદના અનુસંધાને જે કોઈ સાધનિક કાગળો ઉપર તેઓ આધાર રાખતા હોય, તેવા તમામ દસ્તાવેજો અદાલત સમક્ષ રજુ રાખવા કે જેથી અદાલત અરજદાર પક્ષ તરફથી રજુ કરવામાં આવેલ વિગતોને સમજી શકે. દરેક દસ્તાવેજો કે જે બેન્કનાં કરજદાર દ્વારા બનાવવામાં આવે છે, અને બેન્ક સમક્ષ રજુ કરવામાં આવે છે તેવા બન્ને દસ્તાવેજો વચ્ચે સેતુ એટલે કે, જોડતી કડી સ્થાપીત થવી જોઈએ. જે આ બન્ને દસ્તાવેજોથી જણાતુ નથી.

૬. વિ. વ. શ્રી દેસાઈનાંઓએ અદાલતને એવી પણ રજુઆત કરેલ હતી કે, બેન્ક સમક્ષ જે મિલકત ધીરાણ રાખવામાં આવેલ હતી. તેનો આધાર માર્ક – ૩/૩ થી વેચાણ દસ્તાવેજ સ્વરૂપે રજુ કરવામાં આવેલ છે. આ વેચાત દસ્તાવેજ વંચાણે લેતા તેમાં લખાવી લેનાર તરીકે સામાવાળા નં .૧ એટલે કે, વિશ્વાસ કોટેક્ષનું નામ જણાવેલ છે અને તેનાં ભાગીદારો

તરીકે દોસ્તમહંમદ ગફારમહંમદ પાંચા તથા ઈમ્તિયાઝ મહંમદહનીફ થારાણી તથા અયુબભાઈ ફારૂકભાઈ હીંગોરા તથા પાલાભાઈ રાહાભાઈ સૈડા તરીકે દર્શાવેલ છે. પેઢીની આ સ્થાવર મિલકત બાબતે પેઢીનાં ભાગીદાર તેવા ઈમ્તિયાઝ મહંમદહનીફ તથા અયુબભાઈ ફારૂકભાઈનાઓ રીટાયર્ડ થયા બાદ આ મિલકતમાં રહેલ તેમનાં ભાગ બાબતે શું વ્યવસ્થા કરવામાં આવેલ છે તે અંગે કોઈ હકીકત જણાવવામાં આવેલ નથી, તેમજ તેવા રીટાયર્ડ થતા બન્ને ભાગીદારોની આ મિલકત બાબતે શું જવાબદારી હતી તે પણ માર્ક – ૩/૨ થી રજુ કરવામાં આવેલ દસ્તાવેજમાં જણાય આવેલ નથી. ટુંકમાં પેઢીની મિલકત બાબતે રીટાયર્ડ થતા બન્ને ભાગીદારોને શું હીત આજની તારીખે સમાયેલુ છે તે હકીકત રેકર્ડ પર આવવા પામેલ નથી.

૭. સામાવાળા નં.૧ પેઢીમાં ભાગીદાર તરીકે શ્રીમતી સોફીયાબેન દોસ્તમહંમદનાંઓ માર્ક–૩/૨ થી રજુ કરેલ દસ્તાવેજનાં આધારે રીટાયર્ડ થયાનું જણાય છે, પરંતુ તેઓ પેઢીમાં કયારે દાખલ થયા તે બાબતે કોઈ પણ દસ્તાવેજ રજુ કરવામાં આવેલ નથી. જે બાબત વિ. વ. શ્રી દેસાઈને પૂછવામાં આવતા શ્રી દેસાઈએ અદાલતને જણાવેલ હતુ કે, શ્રીમતી સોફીયા દોસ્તમહંમદ કયારે પણ પેઢીનાં ભાગીદાર ન હતા, પરંતુ માર્ક – ૩/૨ થી રજુ કરવામાં આવેલ દસ્તાવેજમાં આ હકીકત ખોટી રીતે જણાવેલ છે. જે બાબતે અદાલતે ફરી પ્રશ્ન પૂછેલ કે, ખોટો દસ્તાવેજ અથવા ખોટી વિગતો વાળો દસ્તાવેજ હોવા છતાં બેન્કે તે સ્વિકારેલ હતો ? જેનો જવાબ વિ. વ. શ્રી આપી શકેલ ન હતા.

૮. માર્ક ૪/૩ થી રજુ કરવામાં આવેલ વેચાણ દસ્તાવેજમાં પેઢીનાં ભાગીદાર તરીકે પાલાભાઈ રાહાભાઈ સૈડા દર્શાવેલ છે. આ ભાગીદાર ભાગીદારી પેઢીમાં કયારે દાખલ થયા તેવી કોઈ હકીકત આંક – ૧ લગત અરજીમાં જણાવેલ નથી. તેમજ તે બાબતે કોઈ આધાર પણ રજુ કરેલ નથી કે કોઈ રજુઆત પણ કરવામાં આવેલ નથી. જેથી પેઢીમાં દાખલ થતા તથા રીટાયર્ડ થતા ભાગીદારોનાં હકક અને જવાબદારી બાબતે જરૂરી સ્પષ્ટીકરણ કરવામાં આવેલ નથી કે કોઈ દસ્તાવેજી આધારો રજુ કરવામાં આવેલ નથી.

૯. ઉપરોકત વિગતો પેઢીની મિલકત બાબતે ચર્ચા કર્યા બાદ માર્ક – ૩/૨ થી રજુ કરવામાં આવેલ દસ્તાવેજ મુજબ તા.૨૯/૧૧/૨૦૨૪નાં પહેલા પેઢીની જે પણ જવાબદારી કાયદેસર રીતે ઉત્પન્ન થતી હોય, તે પરત્વે પેઢીમાંથી રીટાયર્ડ થનાર શ્રીમતી સોફીયા દોસ્તમહંમદની કોઈ જવાબદારી રહેશે નહી અને તે માટે માત્ર દોસ્તમહંમદ ગફારભાઈ પાંચા

એક માત્ર જવાબદાર ગણાશે, તેમજ પેઢીમાં નવા દાખલ થયેલ ભાગીદાર જેવા કે કળસરીયા જીગ્નેશભાઈ નાનાભાઈ અને કળસરીયા ભાર્ગવ મનસુખભાઈનાઓની પણ કોઈ જવાબદાર રહેશે નહી. તેથી વિશેષ એવી પણ જોગવાઈ કરવામાં આવેલ છે કે, શ્રીમતી સોફીયા તેમજ દોસ્તમહમદનાંઓ જો પેઢીવતી કોઈ ચેક ઈસ્યુ કરેલ હોય તો તેવા તમામ ચેકો હવેથી ઈનવેલીડ થશે અને પેઢીમાં આવનાર નવા ભાગીદારોને તે પરત્વે કોઈ જવાબદારી રહેશે નહી તેમ ઠરાવેલ છે અને તેવી જવાબદારી શ્રીમતી સોફીયાદોસ્તમહમદ તથા દોસ્તમહમદનાઓની વ્યકિતગત રહેશે.

૧૦. સામાવાળા નં. ૧ પેઢીમાં નવા દાખલ થનાર ભાગીદારો તથા રીટાયર્ડ થનાર ભાગીદારો બાબતે બેંક તરફથી નવો કોઈ કરાર કરવામા આવ્યો હોય તેમ રેકર્ડ પર જણાતુ નથી અને આંક-૧ સાથે રજુ કરવામાં આવેલ દસ્તાવેજ માર્ક-૩/૨ મા પણ જુના ભાગીદાર એટલે કે ઈમ્તીયાઝ થારાણી અને અયુબ હીંગોરાના જ નામ જણાઈ આવે છે.

૧૧. વિ.વ.શ્રી દેસાઈએ અદાલતને ભારપુર્વક વિનંતી કરેલ હતી કે, અરજીના કામે રજુ કરવામાં આવેલ વેચાણ દસ્તાવેજને ઘ્યાને લેવો તથા તેવા વેચાણ દસ્તાવેજમાં જે સ્થાવર મીલ્કતનો ઉલ્લેખ કરવામાં આવેલ છે તે સ્થાવર મીલ્કત બેંક પાસે ગીરો રાખવામાં આવેલ છે અને તે પરત્વે દાદ ગુજારવામાં આવેલ છે જેથી અદાલતે માત્રને માત્ર ગીરો મુકવામાં આવેલ મીલ્કત બાબતે ઘ્યાન રાખવુ જોઈએ. પરંતુ જયારે અદાલત સમક્ષ અરજી /દાવો લાવી દાદ ગુજારવાની થાય ત્યારે અદાલત પોતાના સંતોષ માટે રજુ કરવામાં આવેલ તમામ દસ્તાવેજોને વાંચશે અને તે બાદ પોતાને સંતોષ પામે તે મુજબ હુકમ કરશે જે સમજવુ રહયુ અને માત્ર ને માત્ર રજુ કરવામાં આવેલ દલીલને ઘ્યાને રાખી દસ્તાવેજોની ચકાસણી કર્યા સિવાય અદાલત પાસેથી હુકમ મેળવી શકાય નહી.

૧૨. સબબ અરજીના કામે સામાવાળા નં.૧ વિશ્વાસ કોટેક્ષ વતી અરજદાર બેંકને જે સ્થાવર મીલ્કત એટલે કે, અરજીવાળી મીલ્કત ગીરો આપેલ છે તે બાબતે અરજદાર બેંક તરફથી આપવામા આવેલ લોન કે જે પુરેપુરી ભરપાઈ કરી આપવામા આવેલ નથી તેવી લોનના નાણા વસુલ મેળવવા માટે અરજીના કામે રજુ કરવામાં આવેલ સ્થાવર મીલ્કત એકમાત્ર આધાર છે તે સિવાય અરજદાર બેંક સામાન્ય જનતા દવારા કે તેના ગ્રાહકો દવારા રાખવામાં આવેલ ડીપોઝીટના નાણા ટ્રસ્ટી તરીકે સંભાળે છે અને તેવા નાણાનો જાહેર વહીવટ કરે છે જેઓએ

કોઈપણ ગ્રાહકને લોન આપતા પહેલા તેવી લોનની રકમ વસુલ મેળવવા બાબતે પણ લોન આપતા સમયે વિચારવુ જોઈએ.

૧૩. ઉપરોકત તમામ હકીકત ચર્ચા કર્યા બાદ અરજદારના વિ.વ.શ્રીની ઉપરોકત દલીલોને ધ્યાને લઈ હાલની અરજી અન્વયે જાહેર હીતને ધ્યાને લેતા અરજદારે કોર્ટ કમીશ્નરના મહેનતાણાની રકમ રુપીયા ૨૫,૦૦૦/- મુદત તા. ૦૨-૦૩-૨૦૨૬ સુધીમાં અત્રેની એડીશ્નલ ચીફ જયુડી. મેજી. કોર્ટમાં જમા કરાવવાનો આથી હુકમ કરવામા આવે છે. તે ઉપરાંત અરજદાર બેંક દવારા સામાવાળાઓને કાયદા અન્વયેની આપેલ નોટીસ સામાવાળાઓને બજી ગયેલ હોવાની એકનોલેજમેન્ટની અસલ/નકલ રજુ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે. કોર્ટ કમીશ્ન્રના મહેનતાણાની રકમ જમા કરાવ્યેથી સદર અરજી અન્વયે આગળની કાર્યવાહી કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

તા. ૨૮-૦૨-૨૦૨૬

(ચૈતન્ય નવનિતલાલ મારફતિયા)
એડિશ્નલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ,
તળાજા.
(કોડ નં.-જી.જે.૦૦૮૮૮)